VR LIVE

# VR ગુજરાત

ખુમારી ગુજરાતની

11 ઓગસ્ટ 2026, મંગળવાર

અમાસ વદ-૧૪,
સંવત-૨૦૯૨

# ચાર વરસાદી સિસ્ટમ સક્રિય, બે દિવસ અતિભારે વરસાદની આગાહી; 3 જિલ્લામાં ઓરેન્જ એલર્ટ



- અમદાવાદઃ ગુજરાતમાં એકસાથે ચાર વરસાદી સિસ્ટમ સક્રિય થતાં રાજ્યમાં ફરી વરસાદનું જોર વધ્યું છે. હવામાન વિભાગે આગામી બે દિવસ કેટલાક વિસ્તારોમાં ભારે થી અતિભારે વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને ત્રણ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.
- રાજ્યના અનેક વિસ્તારોમાં મંગળવારે ધોધમાર વરસાદ નોંધાયો હતો. શહેરા વિસ્તારમાં લગભગ પાંચ ઈંચ વરસાદ ખાબકતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. અનેક માર્ગો પર પાણી ફરી વળતાં વાહનવ્યવહારને પણ અસર પહોંચી હતી.
- મહીસાગર જિલ્લાના કોઠંબા વિસ્તારમાં માત્ર બે કલાકમાં આશરે અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. અચાનક પડેલા ભારે વરસાદને કારણે સ્થાનિક નદી-નાળા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણીની આવક વધી હતી.
- હવામાન વિભાગે લોકોને ભારે વરસાદ દરમિયાન સાવચેતી રાખવા તેમજ પાણી ભરાયેલા માર્ગો અને નદી-નાળાથી દૂર રહેવા અપીલ કરી છે.

વરસાદ અને ભેજ
ખંજવાળનું કારણ બસ એ જ
દરાજ, ખરજવું અને ખંજવાળનો
એક માત્ર ઉપાય બી-ટેક્સ મલમ

હવે આ
મલમ ટ્યુબમાં
પણ ઉપલબ્ધ

B-TEX
SINCE 1942




DIBCO AGENCY, AHMEDABAD. Ph. 079-2214 6440, 2211 4503

VR LIVE

LIVE

ખુમારી ગુજરાતની

# VR ગુજરાત

11 ઓગસ્ટ 2026, મંગળવાર

અમાક્ર વદ-૧૪,
સંવત-૨૦૯૨


# વડનગર હેરિટેજ ઓટો રિક્ષા

- વડનગરના પ્રવાસન વિકાસમાં રાજ્યના જાહેર સાહસો પણ સહભાગી: GSFC દ્વારા જૂની રિક્ષાઓને અપાયો શહેરના ઐતિહાસિક વારસાનો 'ન્યુ લુક'
- રાજ્ય સરકાર દ્વારા વડનગરના સર્વાંગી વિકાસ માટે હાથ ધરાયેલી વિવિધ યોજનાઓને બળ પુરું પાડતી GSFCની અનોખી પહેલ
- પ્રવાસન અને વાહનવ્યવહાર વિભાગના સક્રિય લોજિસ્ટિક સપોર્ટથી પ્રોજેક્ટ કાર્યરત
- પ્રતિ રિક્ષા ₹૫૦ હજારથી વધુના ખર્ચે રિક્ષાનું રિટ્રોફિટમેન્ટ: પ્રથમ તબક્કામાં ૨૧ રિક્ષાઓ તૈયાર




ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહર ધરાવતા વડનગર શહેરને વિશ્વસ્તરીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સતત વિવિધ કલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી છે. સરકારના આ ભગીરથ પ્રયાસોમાં હવે રાજ્યના જાહેર સાહસો પણ સક્રિયપણે જોડાતાં પ્રવાસન ક્ષેત્રને નવો વેગ મળી રહ્યો છે.

આ જ શ્રેણી અંતર્ગત, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની (GSFC) દ્વારા તેના CSR ફંડમાંથી વડનગરની જૂની ઓટો રિક્ષાઓને શહેરના સમુદ્ધ ઈતિહાસ અને ઐતિહાસિક ધરોહરની ઝાંખી કરાવવા નવા ઞાકર્ષક લુક આપવામી એક વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી દર વર્ષે વડનગરમાં મોટી સંખ્યામાં દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. આ પ્રવાસીગને સમગ્ર શહેરની ઐુતિહાનિક સ્મારકો, પ્રાચીન સ્થાળો તેમને સ્થાનિક ઐતિહાસિક સ્થળોને સરળતાથી જોવા મળે તે તે હેતુથી આ માળખાકીય પરિવર્તન કાઈ રહ્યું છે. વડનગરમાં હાલ 300થી વધુ રિક્ષાઓ નોંધાયેલી છે. પ્રવાસીઓને આકર્ષવા અને સ્થાનિક રિક્ષાચાલકોની રોજોરોટીમાં વધારો કરવાના આશયથી એક રિક્ષાના રિટ્રોફિટમેન્ટ પાછળ ₹૫૦ હજારથી વધુનો ખર્ચે કરવામાં આવી રહો છે. યોજનાના પ્રથમ તબક્કામાં ૨૧ રિક્ષાચાલકોએ પોતાની દાવેદારી નોંધાવી હતી, જેમના વાહનોનું નવીનીકરણ સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવવામાં આવ્યું છે.

સરકાર અને રાજ્યના જાહેર સાહસના આ સંયુક્ત પ્રયાસનો લાભ વધુમાં વધુ રિક્ષાચાલકો લઈ શકે તે માટે હજુ પણ નોંધણી પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે. જે રિક્ષાચાલકો પોતાની રિક્ષાને વડનગરના વારસાને દર્શાવતો નવો ઐતિહાસિક લુક આપવા માંગતા હોય, તેઓ વડનગર એસ.ટી. ડેપો ખાતે GSFCના પ્રતિનિધિનો સંપર્ક કરીને આ યોજનાનો લાભ મેળવી શકે છે.

સરકારના પ્રવાસન પ્રોત્સાહન કાર્યા સાથે સ્ટેટ PSUના આ જોડાણથી વડનગર આવતા સહેલાણીઓને શહેરની સંસ્કુતિનો અનોખો અનુભવ મળશે અને સાથે સાથે સ્થાનિક રોજગારીને પણ મોટું પ્રોત્સાહન મળશે.

અમદાવાદમાં અત્યાર સુધી સીઝનની સરેરાશ 23.82 ઈંચ એટલે કે 66.17 ટકા વરસાદ નોંધાયો છે.

વરસાદી શાહેલ અને વાતવપણાયા વાતાવરથાને કારણે તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો છે.

આગામી પાંચ દિવસ શહેરમાં વાતાવરાયું વાતાવરણ રહેવાની સાથે છુટાછવાયા વરસાદની શક્યતા છે.


LIVE VR ગુજરાત
ખુમારી ગુજરાતની
11 ઓગસ્ટ 2026, મંગળવાર
અમમક્ર વદ-૧૪,
સંવત-૨૦૯૨

# અમદાવાદમાં વરસાદની આગાહી, વાસણા ડેમના ત્રણ દરવાજા ખોલાયા

## હવામાન વિભાગની આગાહી મુજબ શહેરમાં વરસાદી માહોલ યથાવત



- હવામાન વિભાગ દ્વારા શહેર અને આસપાસના વિસ્તારોમાં વધુ વરસાદની આગાહી
- પાણીની સ્થિતિને ધ્યાનમાં રાખીને વાસણા ડેમના ત્રણ દરવાજા ખોલવામાં આવ્યા
- શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય તે પહેલાં સાવચેતીરૂપ પગલું
- સેટેલાઇટ તસવીરમાં વરસાદી વાદળોની હિલચાલ સ્પષ્ટ દેખાય






VR LIVE

# VR ગુજરાત

ખુમારી ગુજરાતની

11 ઓગસ્ટ 2026, મંગળવાર

અમાસ વદ-૧૪,
સંવત-૨૦૯૨

# સુરત સિવિલમાં રેગિંગનો 'ટોક્સિક' ખેલ: 'મેડમ બોલાવે એટલે તરત હાજર થવાનું', જુનિયર ડોક્ટરો પર દબાણના ગંભીર આક્ષેપ




- **સુરત:** સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ડૉ. હર્ષ પંડયાના આપઘાત બાદ રેગિંગ અને જુનિયર તબીબોને અપાતા કથિત માનસિક ત્રાસ અંગે એક પછી એક ગંભીર આક્ષેપો સામે આવી રહ્યા છે. સમગ્ર પ્રકરણમાં **ડૉ. દીક્ષિતા થેવરીયાની** ભૂમિકા અંગે પણ સવાલો ઊઠયા છે.
- અહેવાલો અનુસાર, જુનિયર ડૉક્ટરો પર સિનિયરોનું વર્ચસ્વ જમાવવા માટે કથિત રીતે **'અમે તમારા બોસ છીએ અને તમે અમારા સ્લેવ છો'** જેવી ભાષાનો ઉપયોગ કરવામાં આવતો હતો. એટલું જ નહીં, સિનિયર મેડમનો ફોન આવે કે બોલાવવામાં આવે ત્યારે જુનિયર ડૉક્ટરે પોતાનું કામ છોડીને તાત્કાલિક હાજર થવું પડે તેવું દબાણ હોવાના પણ આક્ષેપ છે.
- ડૉ. હર્ષ પંડયાના આપઘાતો સિવિલ હોસ્પિટલની આંતરિક કાર્યપદ્ધતિ અને જુનિયર તબીબો પરના દબાણ અંગે ગંભીર ચર્ચા ઉભી કરી છે. છેલ્લા સાત વર્ષમાં સિવિલ હોસ્પિટલ સાથે સંકળાયેલા ચાર તબીબોના આપઘાતના અહેવાલને કારણે મામલો વધુ સંવેદનશીલ બન્યો છે.
- હવે સૌથી મોટો સવાલ એ છે કે જુનિયર ડૉક્ટરો ખરેખર લાંબા સમયથી રેગિંગ અને માનસિક ત્રાસ સહન કરી રહ્યા હતા? જો ફરિયાદો હતી તો સમયસર કાર્યવાહી કેમ ન થઈ?
- સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી જવાબદારી નક્કી કરવાની અને હોસ્પિટલમાં જુનિયર તબીબો માટે સુરક્ષિત કાર્યસ્થળ સુનિશ્ચિત કરવાની માગ ઊઠી છે.

LIVE VR ગુજરાત

ખુમારી ગુજરાતની

11 ઓગસ્ટ 2026, મંગળવાર

અમાસ વદ-૧૪,
સંવત-૨૦૮૨

# હિમાચલ પ્રદેશમાં મેઘતાંડવ:

# 157નાં મોત, 257 ગુમ; 259 રસ્તા બંધ



- 30 જૂનથી 9 ઓગસ્ટ દરમિયાન વિવિધ વરસાદી આફતોમાં 157 લોકોનાં મોત, 257 લોકો હજુ ગુમ
- રાજ્યભરમાં 259 રસ્તા બંધ: મંડીમાં 120, ચંબામાં 42, કુલ્લુમાં 40, શિમલામાં 30 રસ્તા બંધ
- મંડી-કુલ્લુ નેશનલ હાઈવે સહિત અનેક માર્ગો અસરગ્રસ્ત
- 161 ટ્રાન્સફોર્મર્સ બંધ: કુલ્લુ, મંડી સહિત અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો
- 5 જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લઈ ઓરેન્જ એલર્ટ જાહેર
- તંત્ર દ્વારા રાહત-બચાવ કામગીરી અને રસ્તાઓ ફરી શરૂ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે

VR LIVE
LIVE
# VR ગુજરાત
ખુમારી ગુજરાતની
11 ઓગસ્ટ 2026, મંગળવાર
અમાઢ વદ-૧૪,
સંવત-૨૦૯૨



# સંસદમાં ઘમાસાણ, ભાજપનો રાહુલ ગાંધી પર પ્રહાર

## વિવાદ, અવરોધ અને આરોપ-પ્રાતિ આરોપ વચ્ચે સંસદનું સત્ર યથાવત, ગરમાયું

- વિપક્ષ ગુહમાં ચર્ચા અને સરકારનો જવાબ સાંભળવાથી દૂર ભાગી રહ્યો છે: સુધાંશુ ત્રિવેદી
- અમિત શાહ વિવિધ મુદ્દાઓ પર જવાબ આપવા તૈયાર: ભાજપ
- કોંગ્રેસ ગુહની કાર્યવાહી અવરોધી રહી છે: ભાજપનો આક્ષેપ
- રાહુલ ગાંધીને ગુહમાં હાજર રહી સરકારનો જવાબ સાંભળવા અપીલ

**નવી દિલ્હી:** સંસદના ચોમાસુ સત્રમાં સરકાર અને વિપક્ષ વચ્ચેનો ઘર્ષણ યથાવત છે.

ભાજપના સાંસદ સુધાંશુ ત્રિવેદીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધતાં કહ્યું કે વિપક્ષ ગુહમાં ચર્ચા અને સરકારનો જવાબ સાંભળવાથી દૂર ભાગી રહ્યો છે.

તેમણે જણાવ્યું કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિવિધ મુદ્દાઓ પર જવાબ આપવા તૈયાર છે, પરંતુ કોંગ્રેસ ગુહની કાર્યવાહી અવરોધી રહી છે.

ત્રિવેદીએ રાહુલ ગાંધીને ગુહમાં હાજર રહી સરકારનો જવાબ સાંભળવા કહ્યું હતું.



LIVE VR ગુજરાત

ખુમારી ગુજરાતની

11 ઓગસ્ટ 2026, મંગળવાર

અમાઠ્ઠ વદ-૧૪,
સંવત-૨૦૯૨

# હિમાચલ પ્રદેશમાં મેઘતાંડવ: 157નાં મોત, 257 ગુમ; 259 રસ્તા બંધ



- 30 જૂનથી 9 ઓગસ્ટ દરમિયાન વિવિધ વરસાદી આફતોમાં 157 લોકોનાં મોત, 257 લોકો હજુ ગુમ
- રાજ્યભરમાં 259 રસ્તા બંધ: મંડીમાં 120, ચંબામાં 42, કુલ્લુમાં 40, શિમલામાં 30 રસ્તા બંધ
- મંડી-કુલ્લુ નેશનલ હાઈવે સહિત અનેક માર્ગો અસરગ્રસ્ત
- 161 ટ્રાન્સફોર્મર બંધ: કુલ્લુ, મંડી સહિત અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો
- 5 જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લઈ ઓરેન્જ એલર્ટ જાહેર
- તંત્ર દ્વારા રાહત-બચાવ કામગીરી અને રસ્તાઓ ફરી શરૂ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે

તંત્રી-પક્ષકાંત ત્રિવેદી

મો.નં. : 9979 876 123

ખુમારી ગુજરાતની

VR LIVE

LIVE

# VR ગુજરાત

ખુમારી ગુજરાતની

11 ઓગસ્ટ 2026, મંગળવાર

અમાઠ વદ-૧૪,
સંવત-૨૦૮૨

# 'રાહુલ ગાંધી શરમ કરો'ના નારા વચ્ચે પ્રિયંકા ગાંધીનો સ્મિત સાથે જવાબ




- નવી દિલ્હી: સંસદના ચોજના સત્ર દરમિયાન સરકાર અને વિરોધ પક્ષ વચ્ચેનો રાજકીય ઘર્ષણ મંગળવારે સંસદ પરિસર- માં પણ જોવા મળ્યો.
- કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી સંસદ ભવન તરફ જઈ રહ્યા હતાં ત્યારે ભાજપ્સાં સ્ટ્રમુકેશ દલાલે 'રાહુલ ગાંધી શરમ કરો, શરમ કરો'ના નારા લગાવ્યા હતા.
- મુકેશ દલાલ ઝારખંડમાં વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જના મુદ્દે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સ્સેયો જવાબ માંગી રહ્યા હતા. તેમના હાથમાં આ મુદ્દાને લગતાં પોસ્ટરો પણ જોવા મળ્યા હતા.
- નારા સાંભળ્યા બાદ પ્રિયંકા ગાંધીએ ગુસ્સે થવાને બદલે સ્મિત સાથે જવાબ આપ્યો કે રાહુલ ગાંધીએ ઝારખંડના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી લીધી છે. આટલું કહી તેઓ આગળ વધીગયાં હતા.
- બીજી તરફ, ભાજપના સાંસદોએ ઝારખંડના વિદ્યાર્થી આંદોલન મુદ્દે વિપક્ષને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાનો વીડિયો સામે આવ્યા બાદ રાજકીય વર્તુળોમાં તેની ચર્ચા શરૂ થઈ છે.



LIVE

# VR ગુજરાત

ખુમારી ગુજરાતની

11 ઓગસ્ટ 2026, મંગળવાર

અમાઢ વદ-૧૪,
સંવત-૨૦૯૨


# હવામાન વિભાગે આપ્યું ભારે વરસાદનું એલર્ટ!

## આવતીકાલે ભારે વરસાદનું એલર્ટ આપ્યું



- 11 જિલ્લાઓમાં ભારે વરસાદનું આપ્યું એલર્ટ
- પંચમહાલ-ગોધરામાં પડી શકે છે ભારે વરસાદ
- ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં પડશે ભારે વરસાદ
- ગુજરાતમાં એક સાથે ચાર વરસાદી સિસ્ટમ સક્રિય

LIVE
# VR ગુજરાત
ખુમારી ગુજરાતની
11 ઓગસ્ટ 2026, મંગળવાર
અમાસ વદ-૧૪,
સંવત-૨૦૮૨

# અમેરિકામાં ગૌતમ અદાણી અને સાગર અદાણી સામેના તમામ ગુનાહિત આરોપો રદ



નવી દિલ્હી: અદાણી ગુપના ચેરમેન ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણીને અમેરિકામાં મોટી કાનૂની રાહત મળી છે. ન્યુયોર્કની ફેડરલ કોર્ટે બંને સામેના લાંચ અને છેતરપિંડી સંબંધિત તમામ ગુનાહિત આરોપો રદ કરી દીધા છે.

અમેરિકાના ન્યાય વિભાગે કેસ પાછો ખેંચવા માટે કરાવી અરજીને યુએસ ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગારોફિસે મંજૂરી આપી હતી. કોર્ટે આરોપોને ‘with prejudice’ રદ કર્યા છે, જેંનો અર્થ એ થાય છે કે આ જ ગુનાહિત આરોપો ફરીથી દાખલ કરી શકાશે નહીં.

વર્ષ 2024માં અમેરિકન પ્રોસિક્યુટર્સે ગૌતમ અદાણી, સાગર અદાણી સહિતના અધિકારીઓ સામે સોલાર એનર્જી કોન્ટ્રાક્ટ મેળવવા ભારતીય અધિકારીઓને લાંચ આપવાની કથિત યોજના અને અમેરિકન રોકાણકારોને ગેરમાર્ગે દોરવાના આરોપો મૂક્યા હતા.

અદાણી ગુપે શરૂઆતથી જ આ આરોપોને નકાર્યા હતા. હવે અમેરિકાની ફેડરલ કોર્ટના નિર્ણયથી ગૌતમ અદાણી અને સાગર અદાણીને મોટી કાનૂની રાહત મળી છે.

અમદાવાદમાં અત્યાર સુધી સીજનની સરેરાશ 23.82 ઈંચ એટલે કે 66.17 ટકા વરસાદ નોંધાયો છે.


વરસાદી માહોલ અને વાદળછાયા વાતાવરણને કારણે તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો છે.

આગામી પાંચ દિવસ શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે છુટાછવાયા વરસાદની શક્યતા છે.

VR LIVE
LIVE
# VR ગુજરાત
ખુમારી ગુજરાતની
11 ઓગસ્ટ 2026, મંગળવાર
અમાક્ષ વદ-૧૪,
સંવત-૨૦૮૨

# અમદાવાદના માથે વાદળોની જમાવટ

સવારે **9:11** વાગ્યે લેવાયેલી ઈન્સેટ તસ્વીર માં અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં વાદળોની જમાવટ સ્પષ્ટ જોઈ શકાય છે.





GTPL
Entertain | Connect
Digital Cable TV
Broadband
Channel No.
274
ભરોસાનું સરનામું
GTPL સાથે જોડાઓ અને
ડિજિટલ દુનિયાનો આનંદ માણો.

VR LIVE
LIVE
# VR ગુજરાત
ખુમારી ગુજરાતની
11 ઓગસ્ટ 2026, મંગળવાર
અમાક્ર વદ-૧૪,
સંવત-૨૦૯૨

# આવતીકાલનું સૂર્યગ્રહણ
# કઈ-કઈ રાશિઓ માટે
# ખુશ ખબર લઈને આવે છે?

## સૂર્યગ્રહણ બાદ 90 દિવસ આ 4 રાતિઓ માટે રહેશે શુભ!



**12 ઓગસ્ટે વર્ષ 2026નું અંતિમ સૂર્યગ્રહણ** થવાનું છે. આ ખગોળીય ઘટના કકે રાશિ અને આરલેષા નક્ષત્રમાં થશે. ભારતમાં આ સૂર્યગ્રહણ દેખાશે નહીં, તેથી અહીં સૂતકકાળ માન્ય રહેશે નહીં. જોકે જ્યોતિષીય માન્યતા અનુસાર ગ્રહણની અસર આગામી લગભગ 90 દિવસ સુધી કેટલીક રાશિઓ પર જોવા મળી શકે છે.



### વૃષભ
નોકરીમાં પ્રમોશન, આવકમાં વધારો અને વેપારમાં નવા પ્રોજેક્ટલી લાભના યોગ બની શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત થવાની સંભાવના છે.



### કન્યા
અટકેલા કાર્યોમાં ગતિ આવશે. નોકરીમાં પ્રશંસા, આર્થિક લાભ તેમજ ઘર કે વાહન ખરીદવાની તક મળી શકે છે.



### વૃશ્ચિક
નવી નોકરીની તક, વેપારમાં વિસ્તરણ અને અટકેલા નાણાં પરત મળવાના સંકેત છે.



### મીન
કેરિયર અને શિક્ષણમાં સફળતા મળી શકે છે. નોકરી શોધનારાઓને સારા સમાચાર મળવાની તેમજ પારિવારિક અને પ્રેમજીવનમાં સુખ વધવાની સંભાવના છે.

LIVE

# VR ગુજરાત

ખુમારી ગુજરાતની

11 ઓગસ્ટ 2026, મંગળવાર

અમાઢ વદ-૧૪,
સંવત-૨૦૯૨

# અમદાવાદમાં વહેલી સવારથી ધીમીધારે વરસાદ!

## જાણો આગામી પાંચ દિવસ કેવો રહેશે વરસાદ



**અમદાવાદ:** શહેરમાં મંગળવારે વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો છે. મકરબા, બોપલ, ઈસ્કોન, સેટેલાઈટ અને ધુમા સહિતના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગની આગાહી મુજબ્વ આજે શહેરનો કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

### આગામી પાંચ દિવસનું વરસાદનું અનુમાન

| 12 ઓગસ્ટ બુધવાર | 13 ઓગસ્ટ ગુરુવાર | 14 ઓગસ્ટ શુક્રવાર | 15 ઓગસ્ટ શનિવાર | 16 ઓગસ્ટ રવિવાર |
|---|---|---|---|---|
| વાદળછાયું વાતાવરણ સાથે છૂટાછવાયા વરસાદની શક્યતા | વાદળછાયું વાતાવરણ સાથે છૂટાછવાયા વરસાદની શક્યતા | વાદળછાયું વાતાવરણ સાથે છૂટાછવાયા વરસાદની શક્યતા | વાદળછાયું વાતાવરણ સાથે છૂટાછવાયા વરસાદની શક્યતા | વાદળછાયું વાતાવરણ સાથે છૂટાછવાયા વરસાદની શક્યતા |

અમદાવાદમાં અત્યાર સુધી સીજનનો સરેરાશ 23.82 ઈચ એટલે કે 66.17 ટકા વરસાદ નોંધાયો છે.

વરસાદી માહોલ અને વાદળછાયા વાતાવરણને કારણે તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો છે.

આગામી પાંચ દિવસ શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે છૂટાછવાયા વરસાદની શક્યતા છે.

VR LIVE

# VR ગુજરાત

ખુમારી ગુજરાતની

11 ઓગસ્ટ 2026, મંગળવાર

અમાઢ વદ-૧૪,
સંવત-૨૦૯૨

# આજનું રાશિ ભવિષ્ય

## મેષ

કામકાજમાં નવી જવાબદારી મળી શકે છે. ઉતાવળમાં નિર્ણય ન લો. આર્થિક બાબતોમાં દિવસ સામાન્ય રહેશે.

## વૃષભ

નોકરી-વ્યવસાયમાં પ્રગતિના સંકેત છે. અટકેલા નાણાં મળવાની શક્યતા છે. પરિવારનો સહયોગ મળશે.

## મિથુન

નવા સંપર્કોથી લાભ થઈ શકે. છે. ખર્ચમાં સંયમ રાખો. વાણી પર નિયંત્રણ રાખવાથી વિવાદ ટળશે.

## કર્ક

આત્મવિશ્વાસ વધશે. મહત્વના કામમાં સફળતા મળી શકે છે. પરિવાર સાથે સારો સમય પસાર થશે.

## સિંહ

કાર્યક્ષેત્રે મહેનતનું સારું પરિણામ મળી શકે છે. અધિકારીઓનો સહયોગ મળી શકે છે. સ્વાસ્થ્યનું બેદરકારી ન રાખો.

## કન્યા

અટકેલા કાર્યોમાં ગતિ આવશે. નોકરીમાં પ્રશંસા અને વેપારમાં લાભના યોગ છે. રોકાણમાં સમજદારી રાખવી.

## તુલા

ભાગીદારીના કામમાં સાવધાની રાકુચી. બિનજરૂરી ખર્ચ ટાળો. સંબંધોમાં મધુરતા જળવાશે.

## વૃશ્ચિક

કારકિર્દીમાં નવી તક મળી સકે છે. વેપારમાં વિસ્તરણ માટે ટિગ છે. જુના સંપર્કથી લાભ થશે.

## ધન

પ્રવાસ અથવા નવા કાર્યની યોજનાં બની શકે છે. વિદ્યાર્થીઓ માટે દિવસ સારો રહેશે. ઉતાવળ ટાળો.

## મકર

જવાબદારીઓ વધી, પકે છે, પરંતુ મહેનતનું ફળ મળશે. નાણઈય સ્થિતિમાં સુધારો થવાની સંભાવના છે.

## કુંભ

નવી યોજના શરૂ કરવા માટે દિવસ સારો છે. નોકરીમાં પરિવર્તનની તક મળી શકે છે. સંબંધોમાં સંવાદ જાળવો.

## મીન

શિક્ષણ અને કારકિર્દીમાં સફળતાના યોગ છે. નોકરી શોધનારાઓને સારા સમાચાર મળી શકે છે. પારિવારિક જીવન સુખદ રહેશે.